# પ્રતિષ્ઠા ખરડવાના બધા કાવતરા રચાઈ રહ્યા છે : મોદી

બસ્તી-પ્રતાપગઢ, તા. ૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે પણ ચુંટણી પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. મોદીએ ઉત્તરપ્રદેશમાં બસ્તી અને પ્રતાપગઢમાં ચુંટણી સભાઓ ગજવી હતી. મોદીએ પ્રતાપગઢમાં રેલી દરમિયાન મહાગઠબંધન અને કોંગ્રેસ ઉપર આકરા પ્રહાર કર્યા હતા. કોંગ્રેસ ઉપર આક્ષેપ કરતા કહ્યું હતું કે જે પાર્ટી પ્રથમ તબક્કાની ચુંટણી પહેલા પોતાને વડાપ્રધાન પદના ઉમેદવાર તરીકે ગણી રહી હતી તે પાર્ટી હવે પોતાના મત કાપનાર પાર્ટી તરીકે ગણાવી રહી છે. આનાથી જાણી શકાય છે કે કોંગ્રેસના પતનની શરૂઆત થઈ ચુકી છે. તેમણે કહ્યું હતું કે આ લોકોને સારી રીતે માહિતી છે કે મોદીને પરાજિત કરવા માટેની બાબત ખુબ મુશ્કેલ છે. મોદીને પરાજિત કરવા માટે તેમની પ્રતિષ્ઠાને ખરડવાના પ્રયાસ કરવા પડશે. તેમની છાપ ખરાબ કરવાના પ્રયાસ સતત થઈ રહ્યા છે. આજ કારણસર દરરોજ ખોટા આક્ષેપો કરવામાં આવી રહ્યા છે. મોદીએ સંબોધનમાં કહ્યું હતું કે મત કાપવા, દેશ વિભાજિત કરવા અને કેબિનેટના વટહુકમને ફાડી નાખવાની કોંગ્રેસની પરંપરા રહી છે.

ચોથા તબક્કાના મતદાન બાદ કેટલીક બાબત નિકળીને સપાટી પર આવી છે. નામદાર લોકો કહી રહ્યા છે કે તેઓ મોદીના આભામંડળથી ભયભિત છે. હવે આ લોકો કહી રહ્યા છે કે મોદીને એ વખત સુધી પરાજિત કરી શકાય નહીં જ્યાં સુધી તેમની ઈમાનદારી અને દેશભક્તિ પર કલંક લગાવવામાં ન આવે. આજ કારણસર દરરોજ આક્ષેપબાજી થઈ રહી છે. સમગ્ર સિસ્ટમને પાછળ મુકી દેવામાં આવી છે. પહેલા રાફેલના મુદ્દે અને ત્યારબાદ અન્ય મુદ્દા પર તેમની છાપ ખરાબ કરવાના પ્રયાસો થઈ રહ્યા છે.

મોદીએ કોંગ્રેસ પ્રમુખ પ્રહાર કરતા કહ્યું હતું કે મોદી સોના ચમચી લઈને જન્મેલા નથી. રાજ પરિવારમાં જન્મેલા નથી. છેલ્લા ૫૦ વર્ષથી રોકાયા અને ખર્ચા વગર કામ કરી રહ્યા છે. ૫ થી ૫૦ ઈન્ટરવ્યું કરીને તેમની છાપને ખરાબ કરી શકાશે નહીં. રાજીવ ગાંધી પર પ્રહાર કરતા મોદીએ કહ્યું હતું કે તેમના પિતાની પણ મિસ્ટર ક્લિનની છાપ હતી. પરંતુ મોડેથી સૌથી મોટા ભ્રષ્ટાચારીની છાપ ઉભરી આવી હતી. મિસ્ટર ક્લીનના જીવનકાળની અવધિ ભ્રષ્ટાચાર નંબર વન તરીકે પૂર્ણ થઈ હતી.

## પાકિસ્તાન હવે મજબુર થયું કારણ કે ભારત મજબૂત થયું

**સપા-બસપા ખુબ દુવિધામાં દેખાય છે : મોદી : મસૂદ વિરૂદ્ધ પગલાંઓ લેશે નહીં તો પાક.નું દેવાળું ફૂંકાશે**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે આતંકવાદના મુદ્દા પર બસ્તીમાં જોરદાર વાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે તાજેતરમાં જ ભારતને આતંકવાદના મુદ્દા પર મોટી સફળતા હાથ લાગી છે. અનેક ભારતીયો, અમારા જવાનોની નિર્દોષ નાગરિકોને મોતને ઘાટ ઉતારનાર ખતરનાક ત્રાસવાદી મસૂદ અઝહરને હવે સંયુક્ત રાષ્ટ્ર દ્વારા વૈશ્વિક આતંકવાદી જાહેર કર દેવામાં આવ્યો છે. તે ત્રાસવાદી જાહેર થઈ ચુક્યો છે અને પાકિસ્તાનને હવે વધારે પગલા લેવા માટે તૈયાર રહેવું પડશે. મસૂદ અઝહર સામે પાકિસ્તાનને વિશ્વને દેખાય તેવી કાર્યવાહી કરવી પડશે અથવા તેને દેવાળુ જાહેર કરવામાં આવે તેવી સ્થિતિમાં પહોંચી જવા માટે તૈયાર રહેવું પડશે. પાકિસ્તાન હવે મજબુર થયું છે કારણ કે ભારતમ મજબૂત થયું છે. સમગ્ર દેશ આ સફળતાથી ભારે ખુશખુશાલ છે. શહીદોના પરિવારના સભ્યોને શાંતિ મળી છે પરંતુ સપા અને બસપાની ઉંઘ હરામ થઈ છે. આ લોકો બિલકુલ દુવિધાભરી સ્થિતિમાં છે. આગામી દિવસોમાં તેમની હાલત કફોડી બની શકે છે કારણ કે ભારતીય જનતા પાર્ટી અને સરકારની જોરદાર મહેનતના પરિણામ સ્વરૂપે આતંકવાદના મુદ્દે જીત થઈ છે.

રાહુલ ગાંધી એક ઈન્ટરવ્યુંમાં કબુલાત કરી છે કે તેઓ મોદી સામે એ વખત સુધી જીતી શકે નહીં જ્યાં સુધી તેમની છાપને ખરાબ કરવામાં આવશે નહીં. આજ કારણસર દરરોજ આક્ષેપબાજી થઈ રહી છે. રાહુલે હવે ફરી કબુલાત કરી છે કે સમગ્ર અભિયાનનો ઉદ્દેશ મોદીની છાપને ખરાબ કરવાનો છે.

તેમણે આક્ષેપ કરતા કહ્યું હતું કે જ્યારે મહામિલાવટી લોકો સત્તામાં આવે છે ત્યારે દેશને ભારે નુકસાન થાય છે. આ લોકો તેમને મુશ્કેલીમાં મુકીને દેશમાં અસ્થિર સરકાર બનાવવા ઈચ્છુક છે. ભ્રષ્ટાચારીઓ તપાસને અટકાવી રહ્યા છે. કોંગ્રેસના નામદારો ખેડુતોની જમીનને ટ્રસ્ટના નામ પર લઈને કબજે કરી રહ્યા છે. નામદારના લોકો સંરક્ષણ સોદાબાજીમાં ડુબેલા છે. ભ્રષ્ટાચારના મામલામાં ૨૦-૨૦ નોટિસ જુદા જુદા વિભાગો તરફથી મોકલવામાં આવી હોવા છતાં સામનો કરવા તેમના વકીલ અથવા તેઓ પોતે ઉપસ્થિત થતા નથી. આગામી સરકર આવવા સુધી મામલાઓને ખેંચવાના પ્રચાર કરવામાં આવી રહ્યા છે. તાજમહેલ અને અન્ય મુદ્દાઓ ઉપર પણ મહામિલાવટી લોકો અડચણો ઉભી કરતા રહ્યા છે. બીજી બાજુ બસ્તીમાં મોદીએ પોતાના સંબોદનમાં મહામિલાવટી લોકો પર પ્રહાર કરતા કહ્યું હતું કે સપા તથા બસપા અને કોંગ્રેસ માટે હજુ દિલ્હી દુરની વાત છે. ત્રાસવાદી હુમલાઓના સંદર્ભમાં વાત કરતા મોદીએ કહ્યું હતું કે ત્રાસવાદીઓ જ્યાં પણ હશે તેમને શોધી શોધીને મોતને ઘાટ ઉતારવામાં આવશે. મહામિલાવટી લોકોથી સાવચેત રહેવાની જરૂર છે. વડાપ્રધાન અને મંત્રી બનવાના સપના તેમના સપના જ રહી જશે.

# મોદીજી 'સેના' ખાનગી સંપત્તિ નથી : રાહુલ

**કોંગ્રેસ અધ્યક્ષે રાફેલ, રોજગાર, ચોકીદાર, આતંક મુદ્દે મોદી સરકાર પર પ્રહારો કર્યા : યૂપીએ સરકારમાં પણ સર્જિકલ સ્ટ્રાઇક થઇ : ચાર તબક્કાની ચૂંટણી પત્યા પછી મોદી-બીજેપીની હાર સ્પષ્ટ : ભાજપે આતંકવાદ સાથે સમજૂતી કરી : મસૂદ અઝહરને કોંગ્રેસે નહોતો મોકલ્યો પાકિસ્તાન : રાહુલે વડાપ્રધાનને ૧૦ મિનિટ ચર્ચા માટે પડકાર ફેંકી કહ્યું અનિલ અંબાણીના ઘર સિવાય ઇચ્છે ત્યાં ડિબેટ માટે તૈયાર**

ન્યુ દિલ્હી,તા.૪

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ દિલ્હીમાં પ્રેસ કોન્ફરન્સ સંબોધી મોદી સરકાર પર આકરા પ્રહાર કર્યા. કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યુ કે લોકસભા ચૂંટણીના ચોથા તબક્કાના મતદાન બાદ એ સ્પષ્ટ થઈ ગયુ છે કે પીએમ મોદી હારી રહ્યા છે. તેમણે કહ્યુ કે અમારો આંતરિક સર્વે કહે છે કે ભાજપ ચૂંટણી હારી રહી છે. તેમણે કહ્યુ કે ૫ વર્ષોમાં પીએમ મોદીએ દેશને બરબાદ કરી દીધો. રાહુલ ગાંધીએ કહ્યું કે, નરેન્દ્ર મોદીજી ક્યારેય રોજગારી વિશે વાત નથી કરતા. કારણકે તેમની પાસે આ વિશે કોઈ પ્લાન જ નથી. રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે નરેન્દ્ર મોદીનું સમગ્ર ધ્યાન ફરવામાં જ છે.

રાહુલ ગાંધીએ એક વાર ફરીથી પીએમ મોદી પર નિશાન સાધ્યુ અને કહ્યુ કે લોકસભા ચૂંટણીમાં જનતા કોંગ્રેસ સાથે છે અને પીએમ મોદી ચૂંટણી હારી રહ્યા છે. રાહુલ ગાંધીએ કહ્યુ કે ખેડૂત, ભ્રષ્ટાચાર, રોજગાર, સંસ્થાઓ પર અતિક્રમણ મુખ્ય મુદ્દા છે, એટલા માટે ભાજપ ચૂંટણી હારી રહી છે. રાહુલ ગાંધીએ કહ્યુ કે પીએમ મોદીએ રોજગારનું વચન આપ્યુ હતુ પરંતુ તેનુ શું થયુ? રાહુલ ગાંધીએ આતંકી મસૂદ અઝહર મામલે પણ ભાજપ પર હુમલો કર્યો. વડાપ્રધાન મોદી ઈચ્છે ત્યાં ડિબેટ કરી લેય. ૧૦ મિનિટ મિનિટ માટે જ ભલે. બસ હું અનિલ અંબાણીના ઘરે નહીં જાવ, બાકી તે ઈચ્છે તે જગ્યાએ હું ડિબેટ માટે તૈયાર છું.

રાહુલ ગાંધીએ કહ્યુ કે મસૂદ અઝહર કેવી રીતે પાકિસ્તાન પહોંચ્યો, કોંગ્રેસે તો નહોતો મોકલ્યો. તેમણે હુમલા કરતા કહ્યુ કે ભાજપે આતંકવાદ સાથે સમજૂતી કરી. સુપ્રીમ કોર્ટમાં માફીના સવાલ પર રાહુલ ગાંધીએ કહ્યુ કે તેમાં ખોટુ શું



છે. 'મે સુપ્રીમ કોર્ટ વિશે જે પણ કહ્યુ હતુ તેના માટે મે માફી માંગી, ભાજપની માફી નથી માંગી.' રાહુલ ગાંધીએ કહ્યુ કે આ ચૂંટણીમાં અમે ભાજપને હરાવવા જઈ રહ્યા છે, ચૂંટણીમાં ભાજપ સામે લહેર છે.

કોંગ્રેસ અધ્યક્ષે કહ્યુ કે સેના પીએમ મોદીની ખાનગી સંપત્તિ નથી, સેના ભારતની છે. સર્જીકલ સ્ટ્રાઈકનો વીડિયો ગેમ કહેવુ કોંગ્રેસનું અપમાન નથી, ભારતીય સેનાનું અપમાન છે. કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કહ્યુ કે કોંગ્રેસ પાર્ટી શું કરશે, એનો ઉલ્લેખ ઘોષણાપત્રમાં કર્યો છે. અમે ખેડૂતો માટે અલગ બજેટ લાવીશુ અને યુવાનોને રોજગાર આપવાનું કામ કરીશુ.

## વિપક્ષી ગઠબંધનની સરકાર બનશે તો રોજ નવા પીએમ

રીવા, તા. ૪

વિપક્ષની અસ્પષ્ટ નીતિ અને એક નેતા નહીં હોવાને લઈને આકરા પ્રહાર કરતા ભાજપના અધ્યક્ષ અમિત શાહે આજે કહ્યું હતું કે પહેલા તો વિપક્ષી ગઠબંધનની સરકાર બનશે જ નહીં અને જો બની પણ જાય છે તો દેશને દરરોજ એક નવા વડાપ્રધાન મળશે. રીવાના ગોવિંદગઢમાં એક સભાને સંબોધતા તેમણે કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટી જે ગઠબંધનને લઈને ચાલી રહી છે તેના નેતા અંગે કોઈ માહિતી નથી. આ ગઠબંધનની સરકાર આવશે તો દેશને સપ્તાહમાં દરરોજ નવા વડાપ્રધાન જોવા મળશે. શાહે પ્રશ્નના જવાબમાં કહ્યું હતું કે આ પ્રકારથી દેશ મજબૂત બની શકે નહીં. દેશને મજબૂત નેતા અને મજબૂત સરકારની જરૂર છે. મજબુર સરકાર અને મજબુર નેતા હોવા જોઈએ નહીં. શાહે કહ્યું હતું કે કોંગ્રેસની સરકાર આતંકવાદનો સામનો કરવાની સ્થિતિમાં નથી. ત્રાસવાદીઓને જડબાતોડ જવાબ આપવાની સ્થિતિમાં નથી. ત્રાસવાદીઓને યોગ્ય જવાબ નરેન્દ્ર મોદી આપી શકે છે. રીવા લોકસભા બેઠક પરથી ભાજપના ઉમેદવાર જનાર્દન મિશ્રા તરફથી ચુંટણી પ્રચાર કરતા તેમણે કહ્યું હતું કે અહીં તમામ લોકો ભાજપની તરફેણમાં મતદાન કરે તે જરૂરી છે. છઠ્ઠી મેના દિવસે મતદાન યોજાનાર છે. નેશનલ કોન્ફરન્સના નેતા ઓમર અબ્દુલ્લાના જમ્મુ-કાશ્મીર માટે અલગ વડાપ્રધાન હોવાના નિવેદન પર શાહે કહ્યું હતું કે રાહુલ ગાંધીએ આ સંદર્ભમાં હજુ સુધી કોઈ પણ પ્રતિક્રિયા આપી નથી.

## રાફેલના ગોપનીય દસ્તાવેજોને જાહેર કરવા દેશ માટે ખતરારૂપ : કેન્દ્ર સરકાર

**રાફેલ ડીલ મુદ્દે કેન્દ્ર સરકારે સુપ્રિમમાં સોગંદનામું દાખલ કર્યું : મીડિયામાં છપાયેલા લેખ માત્ર વિચાર,તેમાં સરકારનો કોઇ નિર્ણય નથી,વધુ સુનાવણી ૬મેએ હાથ ધરાશે**

ન્યુ દિલ્હી,તા.૪

રાફેલ મામલો સુપ્રીમ કોર્ટમાં ચાલી રહ્યો છે. અગાઉ રાફેલ ડિલની ફાઈલ પણ ગુમ થઈ હોવાના સમાચાર સામે આવ્યા હતા. ત્યારે કેન્દ્ર સરકારે ફરી એકવાર સુપ્રીમકોર્ટમાં સોગંધનામુ રજૂ કર્યુ છે.. કેન્દ્ર સરકારે સુપ્રીમ કોર્ટમાં નવું સોગંધનામુ રજૂ કરતા કહ્યું છે કે, ગુપ્ત દસ્તાવેજો જાહેર થવાનો તેમને ખતરો છે. મીડિયમાં છપાયેલા લેખ માત્ર વિચાર છે. તેમાં સરકારનો કોઈ નિર્ણય નથી. લીક દસ્તાવેજો માત્ર અધિકારીઓના વિચાર છે. દેશની સંપ્રભુતા અને અસ્તિત્વ પર ખતરો તોળાઈ રહ્યો છે. જેથી રાફેલ મુદ્દે પુનર્વિચાર અરજી પર સરકારે નવું સોગંધનામુ રજૂ કર્યુ છે. સુપ્રીમ કોર્ટને અપીલ પણ કરવામાં આવી છે કે તેઓ લીક દસ્તાવેજોને રદ કરે.

સોગાદનામમાં સરકારે કહ્યું કે રાફેલની રિવ્યુ અરજીઓથી સોદાની તપાસની કોશિશ કરવામાં આવી. મિડિયામાં છપાયેલા ત્રણ આર્ટિકલ લોકોના વિચાર છે, સરકારનો અંતિમ નિર્ણય નથી. આ ત્રણે આર્ટિકલ સરકારના અધિકૃત વલણને દર્શાવતા નથી.

કેગએ રાફેલના મુલ્ય સબંધી માહિતીઓની તપાસ કરી છે અને કહ્યું છે કે તે ૨.૮૬ ટકા ઓછા છે. કેન્દ્ર સરકારે કહ્યું કે કોર્ટ જે પણ માંગશે સરકાર રાફેલ સબંધી દસ્તાવેજ પ્રસ્તૂત કરવા માટે તૈયાર છે. રાફેલ પર રિવ્યુ અરજીઓમાં કોઈ આધાર નથી, આ કારણે તમામ અરજીઓ ફગાવવામાં આવી જોઈએ. ઉલ્લેખનીય છે કે ડિસેમ્બરે તેના નિર્ણયમાં કહ્યું હતું કે વર્તમાન જેવા મામલાઓમાં મૂલ્ય નિર્ધારણ વિવરણની સરખામણી કરવી આ કોર્ટનું કામ નથી. કોર્ટ હવે આ મામલાની ૬મે સુનાવણી કરશે.

# બંગાળમાં ફેની ત્રાટક્યું : તીવ્રતા ઘટી

**ઓરિસ્સામાં ભારે તબાહી બાદ બંગાળમાં ફેનીથી નુકસાન ટળ્યું : ૮૦થી ૧૦૦ કિલોમીટરની પ્રતિ કલાકની ઝડપે પવન સાથે બંગાળના વિવિધ ભાગમાં વરસાદ : બંગાળ બાદ તોફાન બાંગ્લાદેશ તરફ વધી જતા ઘાત ટળી**

કોલકત્તા-ભુવનેશ્વર તા. ૪

બંગાળના અખાતમાં ઉદ્‌ભવીને વિકરાળ શક્તિ સાથે ઓરિસ્સામાં ત્રાટકીને અભૂતપૂર્વ નુકસાન કર્યા બાદ ખતરનાક ફેની તોફાનની પશ્ચિમ બંગાળમાં આજે એન્ટ્રી થઈ હતી. જેની અસર હેઠળ બંગાળમાં પણ ભારે વરસાદ જુદા જુદા વિસ્તારોમાં થયો હતો. બંગાળમાં પણ જનજીવન પર અસર થઈ હતી. જોકે મોડેથી ચક્રવાતી ફેની તોફાન બાંગ્લાદેશ તરફ નબળુ પડીને આગળ વધી જતા ખતરો ટળી ગયો હતો. ચક્રવાતી ફેનીનો હવે બંગાળ ઉપર કોઈ ખતરો રહ્યો નથી. તંત્રને પણ રાહત થઈ છે. ઓરિસ્સામાં ભારે નુકસાન પહોંચાડ્યા બાદ તેની આજે બંગાળમાં એન્ટ્રી થયા બાદ તંત્ર સાવચેત રહ્યું હતું. ઓરિસ્સાની જેમ પણ બંગાળમાં પણ તોફાની પવન સાથે વરસાદ પડ્યો હતો.

૧૦૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે બંગાળના જુદા જુદા ભાગોમાં પવન ફુંકાતા કેટલીક જગ્યાઓએ વૃક્ષો ધરાશાયી થયા હતા. બંગાળમાં એન્ટ્રી કર્યા બાદ તીવ્ર તોફાન ફેની સાયક્લોનિક સ્ટોર્મમાં ફેરવાઈ ગયા બાદ ઘાત ટળી ગઈ હતી. બંગાળમાં પણ સાવચેની પગલા પહેલાથી જ લેવામાં આવ્યા હતા. ભારે વરસાદ અને પ્રચંડ પવન સાથે ગઈકાલે શુક્રવારના દિવસે ફેનીએ એન્ટ્રી કર્યા બાદ ભારે તબાહી મચાવી હતી.




**નમસ્કાર શરાફી મંડળીના સભાસદો, થાપણદારો, ધિરાણ લેનારાઓ અને ગ્રાહકોએ**

# હવેથી મંડળી સાથેનો કોઈપણ પ્રકારનો વ્યવહાર કરવો નહીં

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદનગર ખાતે આવેલ નમસ્કાર શરાફી મંડળીમાં સાબરકાંઠા જિલ્લા રજિસ્ટ્રાર વહિવટદાર નિમણૂંક કરવાની આખરે ફરજ પડી છે. જે અન્વયે સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકને વહિવટદાર તરીકે નિમણૂંક પણ કરી દેવામાં આવી છે. બેન્કે મંડળીના વહિવટદાર તરીકે બેન્કના સિનિયર ઈન્સ્પેક્ટર આર.કે. પટેલને વહિવટદાર તરીકેનો ચાર્જ સંભાળવા હુકમ પણ જારી કરી દીધેલ છે. જે અન્વયે ગતરોજ તા. ૧-૫-૧૯ના રોજ નમસ્કાર મંડળીનો ચાર્જ લેવા તેઓ મંડળી ખાતે પહોંચી ગયા હતા. પરંતુ મંડળીના ચેરમેન, મેનેજર કે સંચાલકોનો સંપર્ક નહી થઈ શકતાં તેઓ ચાર્જ લીધા વિના પરત ફર્યા હતા. જેઓએ આજરોજ ફરી એકવાર ચાર્જ લેવા આવ્યા હતા. પરંતુ આજે પણ ગઈકાલ જેવી જ સ્થિતિ થતાં વહિવટદારોએ મંડળીના કેટલાક સભાસદો તથા નગરના સદસ્યોની રૂબરૂમાં મંડળીનો એક તરફી ચાર્જ સંભાળી લઈને મંડળીના શટર ઉપર નોટીસ લગાવી દઈને હવેથી નમસ્કાર શરાફી મંડળીના સભાસદો, થાપણદારો, ધિરાણ લેનારાઓ અને ગ્રાહકોએ હવેથી મંડળી સાથેનો કોઈપણ પ્રકારનો વ્યવહાર મંડળીની વ્યવસ્થાપક કમિટિ, મેનેજર કે અન્ય કર્મચારીઓ સાથે નહિ કરવા જાહેરાત કરી હતી.

ઉલ્લેખનીય છે કે તાલુકા મથક તલોદ ખાતેની નાણાંકીય સંસ્થા ધી નમસ્કાર સહકારી શરાફી મંડળી આર્થિક પ્રવાહી પરિસ્થિતિને કારણે તદ્દન નબળી સ્થિતિમાં ધકેલાઈ ગઈ છે. તા. ૩-૧૧-૧૮ને દિવસથી મંડળીના શટર પાડી દઈને વ્યવહાર અટકાવી દેવામાં આવ્યો હતો. પરિણામે જે તે વખતે ગ્રાહકો અને થાપણદારોની હાલત દિવાળી તાકડે જ હોળી જેવી થઈ હતી. જે અંગેની વ્યાપક ફરિયાદો જિલ્લા રજિસ્ટ્રારને મળી હતી. બાદ સમયાંતરે ૧૩ ડિસેમ્બર-૨૦૧૮ ગુરૂવારથી મંડળીનું શટર ખોલીને કામગીરી ચાલુ કરવાનો નિર્ણય મંડળીએ કર્યો હતો. તેમ કરીને સમયાંતરે લાખોના રોકાણકારોને ૫-૫ હજાર રૂપીયા ચુકવવાની મંડળીએ શરૂઆત કરી હતી. જેથી લાખો રૂપીયાની ડિપોઝીટો મુકીને



નાણાં પરત મળવાની રાહ જોતા થાપણદારોમાં આક્રોશની લાગણી ઉદ્‌ભવી હતી. કેટલાક થાપણદારોએ જિલ્લા રજિસ્ટ્રાર, જિલ્લા પોલીસ અધિક્ષક અને તલોદ પો.સ.ઈન્સ. સહિતનાઓને લેખીત ફરિયાદો પણ કરી હતી. તેમ છતાં ગ્રાહકની તરફેણમમાં કોઈ પણ જવાબદાર તંત્ર તરફથી કોઈ જ યોગ્ય નિર્ણય લેવાયો ન હતો. જિલ્લા રજિસ્ટ્રાર પણ જાણે કે કોઈ રાજકીય દબાણમાં આવીને "ચૂપ" બેસી રહ્યા હોય તેવું થાપણદારોના મનમાં થતું હતુ.

પરંતુ તાજેતરમાં સાબરકાંઠા જિલ્લા રજિસ્ટ્રારે તા. ૨૬-૪-૧૯ થી ગુજરાત સહકારી મંડળીઓના કાયદાની કલમ-૮૧ અન્વયે વહિવટદારનો હુકમ કરી ધી સાબરકાંઠા જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્ક લિ.ની વહિવટદાર તરીકે નિમણૂંક પણ કરી દીધેલ છે. જેમાં નમસ્કાર મંડળીના વહિવટદાર તરીકે સાકો. બેન્કના સિનિયર ઈન્સ્પેક્ટર રાકેશભાઈ પટેલને વહિવટાદર તરીકે ફરજ બજાવવા બેન્કે તા. ૩૦-૪-૧૯ થી હુકમ કરેલ છે.

નમસ્કાર મંડળીના વહિવટદારની નિમણૂંક થતાં બેન્કના ચેરમેનથી માંડીને તમામ ડિરેક્ટરો સહિતનું બોર્ડ અસ્તિત્વમાં રહેતું નથી. જેથી વહિવટદારને મંડળીના શટર પર નોટીસ લગાવીને તમામને જાણ કરવાની ફરજ પડી હતી.

નોટીસમાં મંડળીના સંચાલકો અને કર્મચારીઓને નોટીસ વાંચીને નિમણૂંક પામેલા વહિવટદાર આર.કે. પટેલનો સંપર્ક કરવા જણાવેલ છે. તદ્ ઉપરાંત કોઈપણ સભાસદ, થાપણદાર કે લોન લેનારની સાથે પણ મંડળી સાથેનો કોઈ પણ પ્રકારનો વ્યવહાર કે લેવડ-દેવડ નહિ કરવા સૂચના આપવામાં આવેલ છે અને જો કોઈ વ્યવહાર કરવામાં આવશે તો તે અંગેની તમામ જવાબદારી નમસ્કાર મંડળીના ચેમરેન, મેનેજર,સંચાલક મંડળ અને કર્મચારીની રહેશે તેમ પણ નોટીસમાં વહિવટદારે જણાવેલ છે.

**વડગામ તાલુકાના ધારેવાડા પાસેના અકસ્માતમાં**

## અમદાવાદની ખાનગી હોસ્પિટલના ડૉક્ટર અને ડ્રાઈવરનું ઘટના સ્થળે મોત

વડગામ તાલુકાના છાપી હાઈવે ઉપર આવેલા ધારેવાડા ગામ નજીક આજે બપોરના એક કાર અને આઈસર ટ્રક વચ્ચે સર્જાયેલા ગમખ્વાર અકસ્માતમાં અમદાવાદ ના હાર્ટના એક ખ્યાતનામ ડૉક્ટર




અને તેમના ડ્રાઈવર નું ઘટના સ્થળે જ કમકમાટીભર્યા મોત નિપજયા હતા જ્યારે ડૉક્ટર ના એક બાવીસ વર્ષિય પુત્ર ને ગંભીર ઈજાઓ થતાં તેને અમદાવાદ સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો જ્યાં તેની તબિયત ગંભીર હોવાનું જાણવા મળ્યું છે.

છાપી પોલીસ મથકના સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ શનિવારના બપોરના અંદાજે અઢી વાગ્યા ની આસપાસ અમદાવાદ ની એક ખાનગી હોસ્પીટલ ના ખ્યાતનામ હાર્ટ સ્પેશ્યલિસ્ટ ડોકટર તુષાર પટેલ તેમજ તેમની કારનો ચાલક બ્રિજ કિશોર યાદવ અને ડોક્ટર તુષાર પટેલ નો બાવીસ વર્ષિય પુત્ર અંબાજી થી દર્શન કરીને અમદાવાદ તરફ જઈ રહ્યા હતા તે સમયે કાળ બનીને આવી રહેલા એક આઈશર ટ્રક સાથે કાર ધડાકાભેર અથડાઈ જતાં આ ગોઝારા અકસ્માતમાં ડોક્ટર તુષાર પટેલ અને કારનો ચાલક બ્રિજ કિશોર નું ઘટના સ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું જ્યારે કારમાં મૃત પામેલ તબીબ ના બાવીસ વર્ષિય પુત્ર ને પણ ગંભીર ઈજાઓ થતાં તેને અમદાવાદ સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો.

### પડઘમ શાંત...

**● અનુસંધાન પહેલાનું ચાલુ**

શત્રુઘ્ન સિંહાના પત્ની અને લખનૌથી સમાજવાદી પાર્ટીના ઉમેદવાર પૂનમ સિંહા પાંચમા તબક્કાના સૌથી ધનાઢ્ય ઉમેદવાર છે. પૂનમ સિંહાએ ૧૯૩ કરોડ રૂપિયાની સંપત્તિ જાહેર કરી છે. તો વળી આ તબક્કામાં કુલ ૬૭૪ ઉમેદવાર મેદાનમાં છે. જે પૈકી ૧૨૬ ઉમેદવારો સામે વિવિધ ગુનાઓ દાખલ થયા હોવાનું સામે આવ્યું છે.